(4)

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ ના વિનિયમ નં.૨૦(૧)માં સુધારો કરવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ / ૧૦૮૮ /૨૩૨૦/છ.
સચિવાલય, ગાંધીનગર,
તા. -૫-૧૯૮૯.

વંચાણમાં લીધું:- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૬-૯-૮૮નો પત્ર ક્રમાંક:મશબ/ગ.૧/વિનિયમ-૨૦(૧૦)૮૦૧૫.

"ઠરાવ"
-૦-૦-૦-૦-૦-

સરકાર ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નીચેના સુધારા કરવા ઠરાવે છે.

(૧) વિનિયમ નં.૨૦(૧):- વિદ્યમાન વિનિયમ-૨૦(૧)ને બદલે નીચેનો નવો વિનિયમ મૂકવો.

"કોઈ વ્યક્તિ તાલીમ લીધેલો સ્નાતક (બી.ટી.અથવા બી.એડ.અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ) હોય અને તાલીમ પછીનો પાંચ વર્ષનો શીખવવાનો કે નિરીક્ષણનો અનુભવ હોય, જેમાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં શીખવવાનો / નિરીક્ષણનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ હોય.

અથવા

સ્નાતક અને એસ.ટી.સી./ટી.ડી./એચ.એસ.એસ.લાયકાત પછીના ૧૦ વર્ષનો માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં શીખવવાનો અનુભવ પરંતુ કુલ ૧૫ વર્ષનો શીખવવાનો અનુભવ હોય.

તે સિવાય તેને હેડમાસ્તર તરીકે નીમી શકાશે નહીં.

પરંતુ માત્ર છોકરીઓની શાળામાં ઉપર્યુક્ત લાયકાતો ધરાવતી સ્ત્રી સિવાય બીજી કોઈ વ્યક્તિની આચાર્ય અથવા બીજા ઉપર તરીકે નિમણુંક કરી શકાશે નહિં.

(૨) સુપરવાઈઝર તરીકે નીમવા માટેની લાયકાતો ખંડ (૧) માં હેડમાસ્તર માટે ઠરાવેલી લાયકાતો જેવી રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી:(વિનોદ મકવાણા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

૧૭/૫/૮૯

માધ્ય.બ-૪/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
રાજકોટ, તા. ૭/૫/'૮૯

પ્રતરવાના:-
તમામ માધ્યમિક શાળાઓ તરફ.
તમામ સંઘો.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ,

'દવે'
૬૬૮૯